# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-11-2024** **EVENING : 7.10 to 7.20**

**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) **વિવિધ યોજનાઓમાં ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય તેવા ખેડૂતોને ખેડૂત પ્રમાણપત્ર આપવાનો રાજય સરકારનો નિર્ણય**
2) **રાજ્યમાં ચાર વર્ષના અવકાશ બાદ બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના કરવામાં આવશે.**
3) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે વડોદરા શહેરના નાગરિકોને 616 કરોડ રૂપિયાના વિવિધ 77 વિકાસ કામોની ભેટ આપશે.**
4) **આતંકવાદી વિરોધી દળે તટરક્ષકદળની જાસુસી કરનાર એક વ્યક્તિની ઓખાથી ધરપકડ કરી.**
5) **ભારત સરકાર દ્વારા રાજયની વધુ એક સાંસ્કૃતિક હસ્તકલા વિરાસત ઘરચોળાને જી.આઈ. ટેગ મળ્યો**

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# FARMERS LAND ACQUISITION

પહેલી મે, 1960થી એટલે કે ગુજરાત અલગ રાજ્ય બન્યું ત્યારથી વિવિધ યોજનાઓમાં જે ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય અને તેઓ ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શક્યા હોય તેવા ખેડૂતો હવે પ્રમાણપત્ર મેળવી શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ સ્વાગતમાં આ મુદ્દે થયેલી રજૂઆતને ધ્યાનમાં લઇને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ

## (વોઇસ કાસ્ટ અનિલ પટેલ)

(સરકારની વિકાસ યોજનામાં જે ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય તેવા ખેડૂતો હવે ખેડૂત તરીકેનું પ્રમાણપત્ર મેળવી શકશે. રાજ્ય સરકાર દ્વારા આ ઠરાવ પ્રસિદ્ધ થયાના એક વર્ષમાં પ્રમાણપત્ર મેળવવા માટે સંબંધિત કલેકટર સમક્ષ અરજી કરી શકશે.

ખેડૂતો તરફથી અરજી મળ્યા પછી સંબંધિત કલેકટર દ્વારા જાતે ખરાઈ કરીને ખેડૂત પ્રમાણપત્ર જારી કરવામાં આવશે. આવું પ્રમાણપત્ર મળ્યાના ત્રણ વર્ષમાં જે તે ખેડૂતને જમીન ખરીદી કરી લેવાની રહેશે.

અગાઉ, જે ખેડૂત પોતાનાં ખાતાના સર્વે નંબર પૈકી બચત રહેલો એક માત્ર સર્વે નંબર બિનખેતી કરાવે તેના કારણે તેઓ ખેડૂત મટી જતા હતાં. આવા કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર મેળવવાની કોઈ જોગવાઈ ન હોવાના કારણે ખેતીની જમીન ખરીદવામાં તેઓ મુશ્કેલી અનુભવતા હતા. આવા ખેડૂતો ખેડૂત પ્રમાણપત્ર માંગે તો આવી જમીન બિનખેતી થયા બાદ એક વર્ષમાં ખેડૂત પ્રમાણપત્ર આપવાનું રહેશે. ખેડૂતે આ પ્રમાણપત્રની તારીખથી બે વર્ષમાં જમીન ખરીદી કરવાની રહેશે.)

---------------------------------------------------------------------

- -માહિતી ખાતુ અનિલ

-(NAVIN)

# CHILD RIGHT PROTECTION COMMISSION

રાજ્યમાં ચાર વર્ષના અવકાશ બાદ બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના કરવામાં આવશે. એક ખાનગી સંસ્થા દ્વારા કરાયેલ જાહેર હિતની અરજીની સુનાવણી પ્રક્રિયા દરમ્યાન આજે સરકારે વડી અદાલતમાં જણાવ્યું હતું કે બાળ સંરક્ષણ આયોગના ચેરમેનની નિમણૂક કરી દેવામાં આવી છે. જે ત્રણ વર્ષ સુધી હોદ્દો ધરાવશે, જ્યારે સભ્યોની નિમણૂક હજુ બાકી છે. બે અઠવાડિયાની અંદર આ સભ્યોની નિમણૂકની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

સરકાર દ્વારા બાળ સંરક્ષણ ધારા અંગે યુનિસેફ પાસેથી સૂચનો મંગાવવામાં આવેલ છે.

---------------------------------------------------------------------

- પીટીસી AHMEDABAD – RITA DAVE -(NAVIN)

# Minister of Textiles

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજસિંહે આજે સુરતમાં વિવિધ ટેક્ષ્ટાઇલ પાર્કોની મુલાકાત લીધી હતી. જેમાં સિટિઝન અંબ્રેલા મેન્યુફેક્ચરિંગ, કુસુમનગર કંપનીમાં લશ્કર માટે ઉપયોગમાં લેવામાં આવતા પેરાશુટ ફેબ્રિક, થર્મલ પ્રોટેકશન જેકેટ, મિલિટ્રી સેગમેન્ટ યુનિટનો સમાવેશ થાય છે. કિમ સ્થિત ડોઢીયા સિન્થેટિકસ કંપનીમાં 2.5 મિલિયન ટન કચરામાંથી રિસાયકલિંગ કરીને બનાવવામાં આવતા યાર્નમાંથી સાડી, સ્વેટર, શર્ટ, બુટ જેવા અનેક ઉત્પાદનો થતાં જોઈ કેન્દ્રીય મંત્રી પ્રભાવિત થયા હતા.

સુરતની બે દિવસની મુલાકાતે આવેલા શ્રી ગિરીરાજ સિંહ આજે સાંજે સુરતમાં ભારત ટેક્સ 2025નાં પ્રચાર માટે રોડ શો યોજશે.

તેમણે ગઈકાલે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના વાંસી બોરસી ખાતે પીએમ મિત્ર પાર્ક અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક યોજી હતી.

------------------------------------------------------------------

- **PTC SURAT** – અજય ઇન્દ્રેકર -(NAVIN)

# RAILWAY MINISTER ASHWINI VAISHNAV GUJ

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આવતીકાલે ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવી રહ્યાં છે. તેઓ આવતીકાલે બપોરે બાર વાગે સુરત વિમાની મથકે આવી પહોંચશે. ત્યાંથી તેઓ કીમ રેલવે સ્ટેશને જશે અને બુલેટ ટ્રેન ટ્રેક સ્લેબ મેન્યુફેકચરિંગ ફેકટરીની મુલાકાત લેશે. ત્યારબાદ લોકાદરાના પ્લાસર ઇન્ડિયા ફેકટરીની મુલાકાત લેશે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગતિશક્તિ યુનિવર્સિટીના આવતીકાલે યોજાનારા બીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

આ પદવીદાન સમારોહમાં વિજ્ઞાન, ટેકનોલોજી, બિઝનેસ એડમિનિસ્ટ્રેશન સહિતની વિદ્યાશાખાના કુલ 239 વિદ્યાર્થીઓને પદવી એનાયત થશે અને પાંચ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકથી સન્માનિત કરશે.

ઉલ્લેખનીય છે કે, ગતીશક્તિ વિશ્વ વિદ્યાલય પરિવહન અને લોજીસ્ટીક્સ ક્ષેત્રને સમર્પિત દેશનું પહેલું અને એકમાત્ર વિશ્વ વિદ્યાલય છે.

---

- માહિતી, યાદી, – અજય ઇન્દ્રેકર, અપર્ણા ખૂંટ -(NAVIN)

# WAVES-2025 JAGRUTI KARYAKRAM- DAMAN

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ કોમ્યુનિકેશન્સ સુરત અને માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા WAVES એટલે કે વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઇનમેન્ટ સમિટ 2025 માટેના જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. 5 ફેબ્રુઆરીથી 9 ફેબ્રુઆરી 2025 દરમિયાન ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે યોજાનાર આ વૈશ્વિક સમિટ, મીડિયા અને મનોરંજનના વિશાળ વિશ્વની શોધ કરશે. જાગૃતિ અંગેના આ કાર્યક્રમમાં અનેક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------

- પીટીસી – DAMAN રીટા દવે -(NAVIN)

# Vadodara e-Government

ઈ-સરકાર મોડયુલના અમલમાં વડોદરા જિલ્લા વહિવટીતંત્ર સમગ્ર રાજ્યમાં અગ્રણી જિલ્લા તરીકે ઉભરી રહ્યો છે.

વડોદરા જિલ્લા કલેકટર કચેરી, પ્રાંત અને મામલતદાર કચેરીમા ઇ-સરકારનો અમલ કરીને સમગ્ર પત્ર વ્યવહાર ડિજીટલ કરવામાં આવ્યો છે.

વડોદરા કલેકટર કચેરી દ્વારા 45 હજાર 187 ઇ-ટપાલ અને 2 હજાર 106 ઇ-ફાઈલ શરૂ કરવામાં આવી છે. ડભોઈ પ્રાંત કચેરીમાં 2 હજાર 240, વડોદરા ગ્રામ્યમાં 1 હજાર 562, વડોદરા શહેરમાં 1 હજાર 556, કરજણમાં 2 હજાર 216 અને સાવલી પ્રાંત કચેરીમાં 3 હજાર 549 ઇ-ટપાલ અને ઇ-સફાઈની કામગીરી થઇ છે.

સમગ્ર રાજ્યમાં ઇ-સરકારની કામગીરીમાં વડોદરા ચોથા ક્રમે છે. પ્રથમ સ્થાને 61 હજાર 500 ઇ-ટપાલ અને ઇ-ફાઈલ સાથે કચ્છ પ્રથમ, 49 હજાર 249 સાથે અમદાવાદ દ્વિતીય, 48 હજાર 371 સાથે ભાવનગર તૃતીય અને 47 હજાર 293 ઇ-ટપાલ અને ઇ-ફાઈલ સાથે વડોદરા ચોથા ક્રમે છે.

---

- માહિતી – અજય ઇન્દ્રેકર -(NAVIN)

# JUNAGADH AMBAJI MANDIR

જૂનાગઢમાં ગિરનાર પર્વત ઉપર આવેલ અંબાજી મંદિરનો વહીવટ જૂનાગઢ મામલતદારને સોંપવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે, અંબાજી, ભીડભંજન અને ગુરુદત્તાત્રેય ત્રણેય મંદિરનો વહીવટ હાલ પૂરતો મામલતદારને આપવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગિરનાર પર્વત પર આવેલા અંબાજી મંદિરના મહંત તનસુખગિરીબાપુ બ્રહ્મલીન થતાં આ મંદિરના ગાદીપતિ તરીકે સાધુ-સંતોમાં વિવાદ છેડાયો હતો.

---

- પીટીસી **JUNAGADH** – RITA DAVE -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# C.M. VIKAS KAMO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે વડોદરા શહેરના નાગરિકોને 616 કરોડ રૂપિયાના વિવિધ 77 વિકાસ કામોની ભેટ આપશે.

શ્રી પટેલે આવતીકાલે અકોટા સ્થિત સયાજીનગરમાં 353 કરોડના 36 વિકાસ કામોનું લોકાર્પણ અને 262 કરોડના ખર્ચે તૈયાર થનાર જનસુવિધાના 41 કામોનું ખાતમુર્હત કરશે.

આ વિકાસકામોમાં સૌથી વધુ 176 કરોડના ડ્રેનેજના કામોનું લોકાર્પણ અને 143 કરોડના કામોનું ખાતમુર્હુત કરશે. આ ઉપરાંત પાણી, સ્ટ્રીટ લાઈટ, હાઉસીંગ, માર્ગો, બિલ્ડીંગ, બ્રીજ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના કામોથી વડોદરા શહેરના નાગરિકોની જનસુવિધામાં વધારો થશે.

---

- માહિતી – અજય ઇન્દ્રેકર -(NAVIN)

# ATS

રાજયના આતંકવાદી વિરોધી દળે તટરક્ષકદળની જાસુસી કરનાર એક વ્યક્તિની ઓખાથી ધરપકડ કરી છે. આરોપી દિપેશ ગોહિલ પાકિસ્તાની જાસુસ એજન્સીના સંપર્કમાં હતો.

ઓખા તટરક્ષકદળ તેમજ તેના વિસ્તારની માહિતી પાકિસ્તાનની જાસૂસ એજન્સીને મોકલવાનું કામ કરતો હતો.

ATSને મળેલી બાતમીની આધારે તેની ધરપકડ કરવામાં આવૂ હતૂ અને તેની પૂછપરછ કરતા જણાવ્યું હતું કે, તે તમામ માહિતી પાકિસ્તાન મોકલતો હતો. આ અંગે ટૂંક સમયમાં વધુ ખુલાસા કરશે.

---------------------------------------------------------------------

- હિંદુસ્તાન સમાચાર – અજય ઇન્દ્રેકર -(NAVIN)

# G.I. TAGE

ભારત સરકારે ગુજરાતની વધુ એક સાંસ્કૃતિક હસ્તકલા વિરાસત ઘરચોળાને જી.આઈ. ટેગ મળ્યો છે આની સાથે ગુજરાતને મળેલા કુલ જી.આઈ. ટેગની સંખ્યા 27 ઉપર પહોંચી છે અને હસ્તકલા ક્ષેત્રે આ 23 મો જી.આઈ. ટેગ મળ્યો છે.

તાજેતરમાં ભારત સરકારના કાપડ મંત્રાલયના હેન્ડુલમ કમિશનર દ્વારા નવી દિલ્હી ખાતે આયોજીત જી.આઈ. એન્ડ બીયોન્ડ વિરાસત સે વિકાસ તક કાર્યક્રમમાં ગુજરાતના ગૌરવ સમાન ઘરચોળા હસ્તકલાને પ્રતિષ્ઠિત જીઓ. ગ્રાફીકલ ઇન્ડીકેશન જી.આઈ. ટેગ એનાયત કરવામાં આવ્યો છે.

ઘરચોળા માટે જી.આઈ.ની માન્યતા કલા વારસાને સુરક્ષિત રાખવાના ગુજરાતના સમર્પણને પ્રતિબિંત કરે છે. આ જી.આઈ. ટેગ ગુજરાતની ઘરચોળા હસ્તકલાના સમૃદ્ધ વારસા અને જટિલ કારીગરીને વ્યાખ્યાયિત કરે છે અને તેનાથી ઘરચોળા કલાના અનન્ય સાંસ્કૃતિક ખજાનાનું સ્થાન વૈશ્વિક ફલક પર મજબૂત થશે.

---

- અપર્ણા ખૂંટ – અજય ઇન્દ્રેકર -(NAVIN)

# WEATHER REPORT

હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી આવનાર 7 દિવસોમાં રાજ્યનું વાતાવરણ સુષ્ક રહેશે, તેમજ તાપમાનમાં મોટો ફેરફાર થશે નહિ. રાજ્યમાં ઉત્તર પૂર્વ તરફથી વહી રહેલા ઠંડા પવનથી વાતાવરણ માં ઠંડીનો વર્તારો પણ અનુભવાશે. વધુ માહિતી આપી રહ્યા છે

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રેય યાદવ,

**(બાઈટ - રામાશ્રેય યાદવ, હવામાન વિભાગના વૈજ્ઞાનિક)**

--------------------------------------------------------------------

- પીટીસી અમદાવાદ – રીટા દવે-(NAVIN)

# AMRUT KUMBH RATH -TAAPI

રાજ્યમાં આદિજાતિ વસ્તી ધરાવતા તમામ તાલુકાઓમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીને અનુલક્ષીને આદિવાસી અમૃત કુંભ રથ પરિભ્રમણ કરી રહ્યો છે. ધરતી આબા ઉત્કર્ષ દિનની ગાથા વર્ણવતો આ રથનું આજે તાપી જિલ્લાના વ્યારા ખાતે રાજ્ય કક્ષાના મંત્રી કુંવરજીભાઈ હળપતિ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે મંત્રી કુંવરજીભાઈ હળપતિ,

**(બાઈટ - કુંવરજીભાઈ હળપતિ, મંત્રી)**

---------------------------------------------------------------------

- પીટીસી તાપી- રીટા દવે-(NAVIN)

# E-OLAKH APPLICATION

રાજ્યમાં જન્મ-મરણની નોંધણી માટેની ‘ઈ-ઓળખ એપ્લીકેશન’ આગામી ૨૪ કલાક સુધી બંધ રહેશે

હાલમાં ઈ-ઓળખ એપ્લીકેશન માટે રાખવામાં આવેલા સર્વરનો વપરાશ વધી જવાથી આ એપ્લિકેશન ધીમી પડી જતાં આરોગ્ય વિભાગ દ્વારા ‘ઈ-ઓળખ એપ્લીકેશન’ને વધુ ક્ષમતા ધરાવતા સર્વર ઉપર તબદીલ કરવામાં આવી રહ્યું છે જેથી આગામી ૨૪ કલાક દરમિયાન ‘એ-ઓળખ એપ્લીકેશન’ ઉપલબ્ધ રહેશે નહિ, જેની નોંધ લેવા આરોગ્ય વિભાગની અખબારી યાદીમાં જણાવાયું છે

---------------------------------------------------------------------

- રીટા દવે , અખબારી યાદી -(NAVIN)